**<u>કલોલના મહે. એડી.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. કલોલ, જી. ગાંધીનગર.</u>**

**<u>પરચુરણ મુદ્દામાલ અરજી નં.- 289/2026</u>**

(કલોલ શહેર પો. સ્ટે. ગુના રજિસ્ટર નં. 11216024260243/ 2026 ના કામે)

<u>:: આંક 1 લગત હુકમ ::</u>

1. આ કામના અરજદાર પાયલ વા/ઓ સંજયકુમાર ભૂપતજી ઠકોરનાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ - 497 મુજબ અરજી આપી જણાવેલ છે કે, તેઓની માલિકી કબજા ભોગવટાનો મોબાઇલ રેડમી કંપનીનો નોટ 14 પ્રો. 5જી 8+128 જી.બી. મોડેલનો જંબાલી કલરનો મોબાઈલ છે, જેનો IMEI નં. 867906076206325 તેમજ 867906076206333 જે બી. એન. એસ. ની કલમ - 303(2) મુજબના ગુનાના કામે ત.ક. અમલદારે કબજે કરેલ છે. જે હાલમાં પોલીસ સ્ટેશને મુદ્દામાલ તરીકે પડી રહેલ છે. સદરહુ મુદ્દામાલ મોબાઇલ વધારે સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો યાંત્રિક ખામી ઊભી થાય અને બેટરી તથા અન્ય સ્પેરપાર્ટ ખરાબ થવાની પૂરી સંભાવના છે. વધુમાં જણાવેલ છે કે હાલના સમયમાં મોબાઇલ જરૂરી સાધન હોય યોગ્ય શરતોને આધીન પરત આપવા અરજ કરેલ છે.
2. અરજદારના વિદ્વાન વકીલ શ્રી ને સાંભળ્યા. અરજદારે તેઓની અરજીના સમર્થનમાં એફ.આઈ.આર., મોબાઇલ ખરીદ કર્યા અંગેનું બીલ, આધાર કાર્ડ ની નકલ તથા આરોપીની નો- ક્લેમ પુરશીશ રજૂ કરેલ છે. સદર ગુનાના કામે કલોલ પોલીસે અભિપ્રાય સાથે પંચનામાની ઝેરોક્ષ તથા મુદ્દામાલ પાવતીની ઝેરોક્ષ રજૂ કરેલ છે. સદર તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.
3. આ કામે પોલીસ અભિપ્રાય વંચાણે લેતા, તેમાં સદરહું મોબાઈલ અરજદારને પરત સોંપવા અભિપ્રાય આપેલ છે. અત્રેની અદાલતનું માનવું છે કે, મુદ્દામાલ લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો મુદ્દામાલને નુકસાન થાય તેવી સંભાવના છે. હાલના તબક્કે તપાસમાં કે ટ્રાયલ સમયે મુદ્દામાલની જરૂરિયાત હોય તેવું જણાતું નથી. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ- 497 ની જોગવાઈ તેમજ <u>નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા 2002(8) સુપ્રીમ ટુડે પાના નંબર 525 સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત</u>ના પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંતને ધ્યાને લેતા તથા કેસનું રેકોર્ડ વંચાણે લેતા, તેમજ વિદ્વાન વકીલ શ્રીની રજૂઆતો ધ્યાને લેતા, અરજદાર સદર મુદ્દામાંલ મેળવવા હકદાર જણાઈ આવે છે. તેઓ સિવાય અન્ય કોઈ દાવેદાર આ અદાલતમાં રજૂ થયેલ નથી. વચગાળાના ધોરણે યોગ્ય શરતો અને યોગ્ય રકમના જામીન

ઉપર અરજદારને મુદ્દામાલ રેડમી કંપનીનો નોટ 14 પ્રો. 5જી 8+128 જી.બી. મોડેલનો જંબાલી કલરનો મોબાઈલ નંગ - 1 પરત આપવામાં આવે તો તે યોગ્ય અને વ્યાજબી જણાય છે. જેથી હાલની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત સમજુ છું.

**હુકમ**

(i) અરજદારની અરજી મંજૂર કરવામાં આવે છે.

(ii) કલોલ શહેર પો. સ્ટે. ગુના રજિસ્ટર નં. 11216024260243/ 2026 બી. એન. એસ. ની કલમ - 303(2) મુજબના ગુનાના કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ રેડમી કંપનીનો નોટ 14 પ્રો. 5જી 8+128 જી.બી. મોડેલનો જંબાલી કલરનો મોબાઈલ નંગ - 1, જેનો IMEI નં. IMEI નં. 867906076206325 તેમજ 867906076206333 છે, જે અરજદાર પાયલ વા/ઓ સંજયકુમાર ભૂપતજી ઠકોરનાઓને મુદ્દામાલની કિંમતની દોઢી રકમના જાત જામીન તથા તેટલી જ રકમના બોન્ડ રજૂ કરીએથી નીચેની શરતોને આધીન રહી બી.એન.એસ.એસ. ની કલમ - 497 મુજબ વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

1) અરજદારે સદરહુ મુદ્દામાલ કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરવું કે કરાવવું નહીં.
2) સદરહું કામે અદાલત જ્યાં અને જ્યારે ફરમાવે ત્યારે અરજદારે મુદ્દામાલ રજૂ કરવાનો રહેશે.
3) ઉપરોકત શરતો પૈકી કોઈ એક પણ શરતનું પાલન કરવામાં ચૂક થશે તો આ હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે.
4) આ હુકમની યાદી કલોલ પોલીસ સ્ટેશનને મોકલી આપવી.
5) અરજદારે જામીનગીરી પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

હુકમ આજ તા. 16મી, માહે. જૂન, સને- 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા:16/06/2026
સ્થળ: કલોલ
//પી.જે.સુરતી//સેલ્ફ//

(પ્રિયંકા જૈમિન સુરતી)
એડી. જે. એમ. એફ. સી.
કલોલ.
કોડ નં. GJ01570